**My Campus**

IITGn ખાતે એન્વાયર્મેન્ટ ડેની ઉજવણી કરાઈ

# સસ્ટેનેબલ લાઇફ સ્ટાઇલ અડોપ્ટ કરવા મેસેજ અપાયો



વૈશ્વિક સ્તરે ભારત જ્યારે બીટ ધ પ્લાસ્ટિક પોલ્યુશન થીમ ઉપર કામ કરી રહ્યું છે ત્યારે તેને સમર્થન આપવા દેશની વિવિધ પીમિયર ઇન્સ્ટિટ્યૂટ્સ પણ આગળ આવી છે. જેમાં આઇ.આઇ.ટી. ગાંધીનગર ખાતે સસ્ટેનેબલ લાઇફસ્ટાઇલ અપનાવવાના મેસેજ સાથે એન્વાયર્મેન્ટ ડેની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે આઇ.આઇ.ટી. ગાંધીનગરે ગ્રીન ઓફિસ હરા પિટારા સાથે ઈકો ફ્રેન્ડલી લાઇફ માટે હાથ મળાવ્યાં છે. જેમાં રિયૂઝેબલ શોપિંગ બેગ્સ, સેનિટરી નેપ્કિન્સ, હેન્ડક્રાફ્ટેડ જ્વેલરી, તેમજ ઓથેન્ટિક પાર્મ પ્રોડક્ટનો એમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ઈ વેસ્ટ કલેક્શન માટે પણ એક અલાયદુ સેટ અપ તૈયાર કરવામાં આવ્યું હતું. સાથેજ કેટલીક એક્ટિવિટી પણ હાથ ધરવામાં આવી હતી. જેમાં ફેકલ્ટી તેમજ સ્ટાફના છોકરઓએ પેઇન્ટિંગ વર્કશોપનું આયોજન કર્યું હતું. સાથે જ કેમ્પસ તેમજ ઘરે કેવી રીતે કમ્પોસ્ટ ખાતર કરી શકાય તેના પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.





Title: Message to manage sustainable life style
Source: Sandesh (City Life; Pg. No. 18)
Link: https://sandeshepaper.in/edition/50245/ahmedabad/page/19
Date: 08-06-18